

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*હતો ભાવભીનો મીઠો સંબંધ, નષ્ઠ થઈ ગયો!*
*હતો સ્વચ્છ સરળ વહીવટ ભ્રષ્ટ થઈ ગયો!*
*લૂંટમાં ફર્સ્ટ, ઉઠી ગયો ટ્રસ્ટ દવાખાના પરથી*
*‘દાખલ’ થવાનો વિચાર માત્ર - કષ્ટ થઈ ગયો!*

### હાઈકુ

*પસંદ સૌની -*
*હોમ કોરોન્ટાઈન -*
*યમ નો ડર !!*
*(પેઠી ભડક)*

*લ્યો! બની ગ્યું*
*સારવાર નું સ્થાન -*
*‘ભય’નું સ્થાન !!*

### ચિંતન

*વિદ્યાર્થી સેવક : પાન્થઃ ક્ષુધાડડર્તો ભયકાતરઃ ।*
*ભાણ્ડારી પ્રતિહારી ચ સુપ્ત સુપ્તાન્ પ્રબોધયેત્ ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવ્યું છે.**

**વિદ્યાર્થી, સેવક, માર્ગમાં ચાલવાવાળા પથિક, યાત્રી, ભૂખથી પીડિત અને ડરેલો વ્યક્તિ, ભંડારની રક્ષા કરવાવાળો દ્વારપાળ યદિ પોતાના કાર્યમાં સૂતા રહે તો તેને જાગૃત કરવા જોઈએ.**

**જે વિદ્યાર્થી સૂતો રહે તેનો અભ્યાસ રોકાઈ જાય છે. નોકર સૂતો રહેતો તેની નોકરી જતી રહે છે. યાત્રી જાગૃત ન રહે તો તેનો સામાન ચોરાઈ જાય છે. આ બધાના સૂવાથી અનેક લોકોને હાનિ થાય છે.**

### સુવિચાર

- એક હી બાત સીખતા હૂં મૈં રંગો સે, ગર નિખરના હૈ તો બિખરના જરૂરી હૈ...!! - **રાજેશ રેડ્ડી**
- જીવન એ એવું ગીત છે, જેનું ધ્રુવપદ મૃત્યુ છે - **વિક્ટર હ્યુગો**
- જેમણે જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે, તેઓ બધા જ પુરુષાર્થવાદીઓ હતા, તેઓ એ ‘નસીબમાં હશે તેમ થશે’ એવું કદી કહ્યું નથી - **એમર્સન**
- જ્ઞાનનો અગ્નિ સળગતાં જ કર્મ ભસ્મ થઈ જાય છે - **શંકરાચાર્ય**
- દુ:ખ-સંકટ તમારી મુલાકાતે બીજી વાર ન આવે એવું તમે ઈચ્છતા હો, તો પહેલીવાર આવીને તે જ પાઠ શીખવી ગયા હોય, તે બરાબર શીખી અને યાદ રાખી લેજો - **બર્ક**
- ધર્મજ્ઞાનની પ્રાપ્તિ બહારની દુનિયાને જાણવાથી નથી થતી પણ અંદરની દુનિયાને જાણવાથી થાય છે - **અનામી**
- આજનું ઔષધ : પીપર અને મરી પાઉડર સમભાગે લઈ મધ સાથે ચાટવાથી મરડો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસને સંત સમયની કિંમત સમજાવી. માણસે ગામના ચોરે જઈ લોકોને કહ્યું, ‘સમય કિંમતી છે. હું સમય આપવા માંગુ છું. રોજના સમયની કિંમત પાંચ સો રુપિયા છે. જેને લેવો હોય તે લઈ જાઓ.’

ગામના લોકો એ તેની મશ્કરી કરી તેને પાગલ કરી અપમાન કર્યુ. તે સંત પાસે ગયો અને ફરિયાદ કરતા કહ્યું, ‘આપે કહ્યું સમય બહુ કિમતી છે, હું વેચવા ગયો હતો પણ મને એક કોડી પણ મળી નહીં. અને લોકો એ મારું અપમાન કર્યું.’

સંતે સમજાવતા કહ્યું, ‘ભાઈ, સમયની કિંમત તો ઘણી જ છે, પરંતુ તે ચેક જેવો છે. જેના પર શ્રમની કલમ અને વિચારની શાહીથી મૂલ્ય ભરાય છે! શ્રમ અને વિચાર જ મૂલ્યવાન છે. એની કિંમત બહુ ઉપજે.’

પેલા ને હવે સમજાયું કે સમયનો શ્રમ અને બુદ્ધિ સાથે સહયોગ સ્થપાય તો જ સમય કિંમતી બની શકે છે.’

શ્રમ અને બુદ્ધિ વગરનો સમય કોડી બરાબર છે. તેનું મૂલ્ય રહેતું નથી.

# વિપક્ષોની રજૂઆત વ્યાજબી

**તંત્રીસ્થાનેથી...**

વ્હાઉટ હાઉસના તજજ્ઞ ભારતની વર્તમાન દુર્દશા માટે સરકારે ‘અનલોક’ કરવામાં ઉતાવળ કરી એ બાબતને જવાબદાર માને છે. જો ધાર્મિક-સામાજિક અને રાજકીય મેળાવડાઓ પર પ્રતિબંધ પળાયો હોત તો દેશમાં માનવીના મોતનું જે તાંડવ રચાયું છે એ નિવારી શકાયું હોત. દેશના તજજ્ઞો પણ ફોચીના આ તારણને પડકારી શક્યા નથી. બલકે એ પણ સરકારને સતત ચેતવતા રહ્યા છે. સરકાર કેસો અને મૃત્યુના આંકડા છુપાવી રહી છે એ મુદ્દે અત્ર-તત્ર-સર્વત્ર એક જ અભિપ્રાય પ્રવર્તે છે. એથી આખરે સરકારની કે દેશની આબરૂના તો ધજાગરા જ ઊડતા રહ્યા છે. આશ્વાસન લેવા જેવી બાબત હોય તો એટલી કે હવે પોતાની એ ભૂલોનું પુનરાવર્તન ન થાય એ મુદ્દે તંત્ર થોડું જાગ્રત થયું છે. કોરોના સંક્રમણને ગામડામાં ફેલાતું રોકવા માટે ખુદ વડાપ્રધાને તાકીદ કરી હતી. પરંતુ તંત્ર અને પ્રજા - બેઉ પક્ષે બેદરકારીને કારણે એ રોકી શકાયું નથી. જોકે છેલ્લે છેલ્લે ગામડાં પણ જાગ્યાં છે અને સરકાર આદેશ કરે કે ન કરે પણ પોતે બચવું હશે તો સ્વૈચ્છિક લોકડાઉન અપનાવવું પડશે એ વાત એમણે અંકે કરી છે. એથી કેસો ધીમી ગતિએ ઘટી રહ્યા છે અને મરણાંક પણ ઘટ્યો છે. સાચા આંકડા સરકાર કયારેય બહાર પાડવાની નથી, પણ જે ચાઈનીઝ વાઈરસથી મરી ગયા છે એ કાંઈ પાછા આવવાના નથી અને એમના જવાથી જે પારિવારિક કે સામાજિક શૂન્યાવકાશ ઊભો થયો છે તે પુરાવાનો નથી. જો કોવિડ-૧૯ મહામારીને વિપક્ષની માગણી મુજબ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હોત અને મરનારને વળતર ચૂકવવાનું સરકારે સ્વીકાર્યું હોય તો હકીકત બહાર આવત. સરકાર એવું જોખમ લઈ તિજોરીનાં તળિયાં સાફ કરવા માગતી નહોતી એટલે રાજકીય વિરોધીઓની માગણીઓ સામે એણે હરહંમેશ આંખ આડા કાન જ કર્યા છે. વિપક્ષોના પ્રતિનિધિઓ સાથેની સમિતિ બનાવવા માટે પણ સરકાર સંમત નથી થઈ તે સૂચક છે. આવી સ્થિતિમાં વિપક્ષી નેતાઓ બીજું તો કરી પણ શું શકે? પરંતુ કોંગ્રેસમાં કામચલાઉ અધ્યક્ષા સોનિયા ગાંધીથી લઈ ડાબેરી નેતા સીતારામ યેચુરી અને પ્રાદેશિક નેતાઓ મમતા બેનરજી, અખિલેશ યાદવ, શરદ પવાર કે સ્ટાલિન જેવાઓએ ‘ડિયર પ્રાઈમ મિનિસ્ટર’ ને એક પત્ર પાઠવી કેટલાંક સૂચનો કરવાની ફરજ જરૂર બજાવી છે. સરકાર એ સૂચનોમાં પણ પોતાની નાલેશી જ જોવાનું પસંદ કરશે તો એ લોકશાહરીની વિડંબના લેખાશે. ભારતીય જનતા પાર્ટીની સરકારે વિપક્ષોને ગણકારવાની કયારેક તૈયારી દર્શાવી નથી. ઊલટાની એની નજર તો વિપક્ષી નેતાઓને પદ કે પૈસાની લાલચ આપી ખેરવી કે ખસેડી દેવા તરફ જ રહ્યા કરી છે. મહામારી જેવા વિકરાળ સમયગાળામાં આવી સંકુચિત રાજનીતિ ખુદ શાસક પક્ષને લાંબે ગાળે ભારે પડી શકે છે. વિપક્ષોએ વડાપ્રધાનના બિનહિસાબી ફંડ તથા સેન્ટ્રલ વિસ્ટા જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પાછળ ફાળવાયેલી રકમ રસી ખરીદવામાં અને કોવિડ કેર સેન્ટરો ઊભાં કરી એમને જરૂરી સંસાધનોથી સજ્જ કરવમાં વાપરવાની માગણી કરી છે. ઓક્સિજનના અભાવે કે વેન્ટિલેટર નહીં મળતા અસંખ્ય લોકોએ જીવ ગુમાવેલ છે. સરકાર એથી પૂર્ણપણે વાકેફ છે. પણ એ વિપક્ષોની માગણી સ્વીકારવામાં નાનમ અનુભવે છે. દેશના ઈતિહાસનો આ સૌથી કપરો સમયગાળો છે. બધાએ સાથે મળીને એમાંથી પાર ઊતરવાનું હોય. રસીકરણ પણ જે ધીમી ગતિએ ચાલી રહ્યું છે એ રીતે ત્રીજા મોજાને અટકાવવું અશક્યવત જ લાગે છે. ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે.

# વૈશાખ સુદ ત્રીજે



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આમ તો તેનું નામ ઉષા હતું, પણ લોકો એને ઓખા કહેતા.

ભગવાન શંકર એકવાર તપશ્ચર્યા માટે ગયા. પાંચ-છ વરસે પાછા ફરવાના હતા. પરંતુ દેવી પાર્વતીને એકલા રહેવું ન પડે, એટલે વરદાન આપ્યું હતું - ‘તે [illegible] તપોબળથી બે સંતાનો મેળવી શકશે.’ આ રીતે પાર્વતીને બે સંતાન હતા - ગણેશ અને ઓખા.



એકવાર પાર્વતી સ્નાન માટે ગયા. ગૃહને બારણે બાળકોને બેસાડ્યા હતા. કહ્યું હતું, ‘કોઈને અંદર આવવા ન દે.’ એ દિવસે શિવજીને તપશ્ચર્યા પૂરી થઈ હતી; એટલે એ આવી પહોંચ્યા.

એમનું સ્વરુપ ભયાનક - ગળામાં સર્પ, ખોપરીની માળા. દેહ ઉપર ભસ્મ, ઓખા તો ડરી ગઈ. બાજુના ખંડમાં મીઠાની કોઠી હતી, એ અર્ધી ખાલી હતી. એમાં ઊતરીને સંતાઈ ગઈ.

ગણેશ અડગ રહ્યા. શિવજી પ્રવેશવા ગયા, એટલે અટકાવ્યા - અંદર જવાની ના પાડી દીધી. શિવજીને રોષ થયો - ‘મારા ઘરમાં મને અટકાવે છે? આ બાળકની આ હિંમત?’ પોતે પાર્વતીને વરદાન આપ્યું હતું. તે પોતે જ ભૂલી ગયા. એને અંદર જવું હોય, બાળક અટકાવે.

બંને યુદ્ધ ઉપર ઉતરી આવ્યા. પોતાના ત્રિશૂળથી બાળકનો શિરચ્છેદ કરી નાખ્યો. અંદર પ્રવેશ્યા. પાર્વતીએ સ્વાગત કર્યુ પણ બારણે ગણેશનું ધડ જોઈને ચીસ પાડી ઊઠ્યા. ‘આ તમે શું કરી નાખ્યું? આ તમારો પુત્ર હતો. તમે જ મને વરદાન આપ્યું હતું.’

શિવજીને પસ્તાવો થયો. બહાર ગયા - સર્વ પ્રથમ હાથી મળ્યો. એનું મસ્તક ઉતાર્યું. પુત્રના ધડ ઉપર મૂક્યું. ગણેશને પુનર્જીવિત કર્યા. શુભારંભના દેવ તરીકે પ્રતિષ્ઠિત કર્યો. પાર્તવીને સંતોષ થયો.

એને ઓખા યાદ આવી. એણે ઓખાને બોલાવી. એ દોડતી આવી. પાર્તવીએ એને ઠપકો આપ્યો. ‘આ તારો ભાઈ. પોતાના પ્રાણના ભોગે લડ્યો. અને તું તારા પ્રાણ બચાવવા નાસી ગઈ? કોઠીમાં સંતાવાને બદલે, સીધી મારી પાસે આવી ગઈ હોત તો? આ અનર્થ ન થાત. મારો તને શાપ છે - આ મીઠામાં તારો દેહ ઓગળી જશે હવે પછીનો જન્મ તારો અસુરકુળમાં થશે.’

ઓખા રડવા લાગી. માફી માગી. ભૂલ માટે પસ્તાવો કર્યો. પાર્વતીને પણ દયા આવી. એને કહ્યું, ‘આ ચૈત્ર માસ પૂરો થશે. તું વૈશાખ સુધ ત્રીજે મારી પાસે આવજે.’

(૧) તારી ગોર્યમા તરીકે પ્રતિષ્ઠા કરીશ.

(૨) તારી જે કોઈ મનોકામના હશે, તે પૂરી કરીશ.

(૩) આ ચૈત્ર મહિનો છે. જે કોઈ તારા મહિમાનું ગાન કરશે એ નિરોગી રહેશે.

(૪) જે કોઈ સ્ત્રી આ મહિનામાં મીઠું નહીં લે, ઓછામાં ઓછું એક દિવસ અલૂણા રાખશે; એનાં સૌભાગ્ય સુખ અખંડિત રહેશે.

(૫) પછીના જન્મે તને કોઈ દેવપુરુષ પરણશે. ઓખાએ માતાને પ્રણામ કર્યા. એને સંતોષ થયો.

વૈશાખ સુદ ત્રીજે એ માતાને મળી. પ્રણામ કર્યા. વિદાય લીધી અને મીઠાની કોઠીમાં સમાઈ ગઈ.

પછીનો જન્મ આ ઉષાનો શોણિતપુરના રાજા બાણાસુરને ઘરે થયો.

એના વિવાહ શ્રીકૃષ્ણના પુત્ર અનિરુદ્ધ સાથે થયા, રાજસી સુખ વૈભવને પામી.

# ગુજરાતની પ્રથમ અંગ્રેજી શાળા કયા શહેરમાં શરુ થઈ હતી?



## ખજાનો

અનિલ પટેલ

### ગુજરાતનો ઈતિહાસ

૧ જેસલ- તોરલની સમાધિ કયાં આવેલ છે?
(અ) અબડાસા (બ) અંજાર
(ક) ગાંધીધામ (ડ) ભૂજ

૨ જાણીતા સાહિત્યકાર ‘અખો’ કયો વ્યવસાય કરતા હતા ?
(અ) દરજી કામ (બ) લુહારી કામ
(ક) સુથારી કામ (ડ) સોની

૩ સલ્તનત યુગીન ગુજરાતનું સૌથી સમૃદ્ધ બંદર કયું હતું ?
(અ) દમણ (બ) ઓખા
(ક) દીવ (ડ) ખંભાત

૪ અમદાવાદનું મશહુર કાંકરીયા તળાવ કોણે બંધાવ્યું હતું?
(અ) કુત્બુદ્દીને (બ) અહમદશાહ પ્રથમે
(ક) મહંમદ બેગડાએ (ડ) મુઝફ્ફરશાહ પ્રથમે

૫ ગુજરાતના સૌપ્રથમ મહિલા સ્નાતક કોણ હતા ?
(અ) વિનોદીની નિલકંઠ (બ) કસ્તુરબા
(ક) વિદ્યાગૌરી નિલકંઠ (ડ) સરોજિની નાયડુ

૬ ભારતના ભાગલા થયા થયા ત્યારે ભારત-પાકિસ્તાનની મિલકતોની વહેંચણી કરવાનું શ્રેય- કયા ગુજરાતી અધિકારને થાય છે?
(અ) એચ.એમ. પટેલ (બ) આઈ.જી. પટેલ
(ક) મોરારજી દેસાઈ (ડ) ઈન્દુલાલ યાજ્ઞિક

૭ ચકોરના ઉપનામે કાર્ટૂન દોરનાર કાર્ટૂનિસ્ટનું નામ શું છે ?
(અ) ભૂપેન ખખર (બ) આર કે લક્ષ્મણ
(ક) બંસીલાલ વર્મા (ડ) ઝવેરીલાલ મહેતા

૮ મહાત્મા ગાંધી કેટલીવાર કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ બન્યા ?
(અ) એકવાર (બ) બે વાર
(ક) ત્રણવાર (ડ) ચાર વખત

૯ વડોદરા જિલ્લાનું કાયાવરોહણ કયા સંપ્રદાયનું પવિત્ર તીર્થ છે ?
(અ) શિવ (બ) વૈષ્ણવ
(ક) શક્તિ (ડ) જૈન

૧૦ ગુજરાતની પ્રથમ અંગ્રેજી શાળા કયા શહેરમાં શરુ થઈ હતી ?
(અ) ભાવનગર (બ) સુરત
(ક) વડોદરા (ડ) અમદાવાદ

૧૧ જૂના અમદાવાદના કોટ વિસ્તારમાં કુલ કેટલા દરવાજા છે ?
(અ) ચાર (બ) પાંચ
(ક) છ (ડ) સાત

૧૨ શ્રીકૃષ્ણના શાસનમાં ગુજરાતની રાજધાની કઈ હતી ?
(અ) જૂનાગઢ (બ) ડાકોર
(ક) દ્વારિકા (ડ) કર્ણાવતી

૧૩ વાઘેલા વંશના પતન માટે કોણ જવાબદાર હતું?
(અ) માધવમંત્રી (બ) વસ્તુપાળ
(ક) કુમારપાળ (ડ) તેજપાળ

૧૪ પારસીઓના અગ્નિમંદિરને શું કહેવામાં આવે છે?
(અ) આતશ (બ) અગિયારી
(ક) દમખુ (ડ) દેવળ

૧૫ ગુજરાતના સલ્તનત યુગની માહિતી આપતો ગ્રંથ કયો છે ?
(અ) શાહનામાં (બ) તવારીખે ગુજરાત
(ક) બાબરનામા (ડ) મિરાતે અહમદી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૪ મે :
  - સિક્સ સેન્સ વિશે સંશોધન કરનાર પ્રણવ મિસ્ત્રીનો જન્મદિવસ (૧૯૮૧)
  - ગુજરાતના પ્રથમ રાજયપાલ મહેદી નવાઝ જંગનો જન્મદિવસ (૧૮૯૪)
  - ફેસબુકના શોધક માર્ક ઝુકરબર્ગનો જન્મદિવસ (૧૯૮૪)
  - અમેરિકાએ પ્રથમ સ્પેશ સ્ટેશન સ્કાયલેબ લોન્ચ કર્યુ (૧૯૭૩)
- ૧૫ મે :
  - બરફના વાઘ તરીકે જાણીતા અને પદ્મવિભૂષણ સન્માનિત તેનસિંહ નોર્કેનો જન્મદિવસ (૧૯૧૪)
  - સોશિયાલીસ્ટ પાર્ટીના એડીથ ક્રેશન ફ્રાન્સના પ્રથમ મહિલા પ્રેસિડેન્ટ બન્યા (૧૯૯૧)
  - વોલ્ટ ડિઝની અને મીકી માઉસ પ્રથમ વખત કાર્ટૂન પ્લે કરવામાં આવ્યા (૧૯૨૮)
  - નોબેલ પ્રાઈઝ વિજેતા ફીઝીક્સ કેમિસ્ટ પિયર ક્યુરીનો જન્મદિવસ (૧૮૫૯)
- ૧૬ મે :
  - અમેરિકન એક્ટર હેન્રી ફોન્ડાનો જન્મદિવસ (૧૯૦૫)
  - ચાઈનીઝ બોર્ન અમેરિકન આર્કીટેક આઈ.એમ. પેઈનો ૧૦૨ વર્ષની ઉંમરે અવસાન થયું (૨૦૧૯)
  - જાપાનની પર્વતારોહક મહિલા તેબેજ જુન્કો એવરેસ્ટ સર કરનાર પ્રથમ જાપાની મહિલા બન્યા (૧૯૭૫)
  - સિક્કિમ ભારતનું ૨૨મું રાજય બન્યું
- ૧૭ મે : (વિશ્વ સંચાર દિવસ / વર્લ્ડ હાઈપર ટેન્શન ડે)
  - ઈઝરાયેલ અને લેબેનોને શાંતિ કરાર પર હસ્તાંક્ષર કર્યા (૧૯૮૩)
  - ઈંગ્લીશ સર્જન એડવર્ડ જેનરનો જન્મદિવસ (૧૭૪૯)
  - ગુજરાતી સાહિત્યકાર બાળાશંકર કંથારિયાનો જન્મદિવસ (૧૮૫૮)
  - ઈટલીના મશહુર ચિત્રકાર સેન્ડ્રો બોટ્ટીસેલીનું અવસાન થયું (૧૫૧૦)
- ૧૮ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ
  - ફકીર મહમદ ગુલામનબી મનસુરી ‘આદિલ’નો જન્મદિવસ (૧૯૩૬)
  - અમેરિકાના ઉત્તર ભાગમાં ધરતીકંપ આવતો એસ.ટી. હેલેન્સ નામનો જવાળામુખી પર્વત ફાટ્યો. (૧૯૮૦)
  - જહોન પૌલ-૨નો જન્મદિવસ (૧૯૨૦)
  - અમેરિકન ટેલિવિઝન પ્રોડ્યુસર અને રાજકીય સલાહકાર રોજર એલીસનું અવસાન થયું (૨૦૧૭)
- ૧૯ મે :
  - ભારતના અર્વાચીન ઉદ્યોગના પિતામહ જમશેદ તાતાનું નિધન (૧૯૦૪)
  - જાણીતા મશહુર કંપની એપલે પ્રથમ બે રીટેલ શોપ શરૂ કર્યા (૨૦૦૧)
  - જહોન કેનેડીના પત્ની જેક્વેલીન કેનેડીનું ન્યુયોર્કમાં અવસાન (૧૯૯૪)
  - ભારતના છઠ્ઠા રાષ્ટ્રપતિ નિલમ સંજી રેડ્ડીનો જન્મદિવસ (૧૯૧૩)
- ૨૦ મે :
  - સાહિત્યકાર ભોળાભાઈ પટેલનું નિધન (૨૦૧૨)
  - અમેરિકન એક્ટર જેમ્સ સ્ટેવર્ટનો જન્મદિવસ (૧૯૦૮)
  - લંડનમાં જન્મેલ ઈકોનોમીસ્ટ અને ફિલોસોફરનો જન્મદિવસ (૧૮૦૬)
  - મશહુર ફિકશન રાઈટર ફ્રેન્ચ સાહિત્યકાર હોંશેરે ડે બ્લેન્ઝનો જન્મદિવસ (૧૭૯૯)

#### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પશ્ચિમ બંગાળના રાજયપાલ તરીકે હાલમાં કોણ સેવા આપી રહ્યા છે ?

જવાબ : શ્રી જગદીપ ધનખર

#### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) કરણ રાઠોડ : સે-૧૪ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પટેલ : કુડાસણ (૭) રુચિત એ પટેલ : રાંદેસણ (૮) મીત પી પટેલ : સે-૨૩ (૯) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૧૦) જયેન્દ્ર બી ગજ્જર : પેથાપુર

#### આ સપ્તાહનો સવાલ

આસામના મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મજાક મજાકમાં...

## એમ.બી.એ. (મને બધું આવડે છે) થવામાં મજા નથી!

## લહેરમાં છીએ... કોરોનાની બીજી લહેરમાં સ્તો !!



### હળવે હૈયે

પ્રકાશ લાલા

‘આ કોરોનાના લોકડાઉનમાં બધું બંધ છે... પણ તમારે સારું, હોં!’

‘મારે કેમ સારું ?’ એ ભાઈએ પેલા પૂછનારને સવાલ કર્યો.. ‘સારુ જ ને! લોકાડાઉનમાં સલૂન બંધ છે પણ તમારે તો માથે મસ્ત સફાચટ - ટાલ છે એટલે વાળ વધવાની કે કપાવાની અમારા જેવી ચિંતા જ નહીં ને. ‘ટકલું’ હોને કા ફાયદા !’ ટકલું - ટાલિયો વિશેષણથી નવાજાયેલ અને તેથી ઘવાયેલ આ ભાઈએ એકદમ ગુસ્સે થઈ પેલાને જોરદાર લાફો ઝીંકી દીધો... આવા પ્રતિભાવથી ડઘાયેલા ભાઈએ કહ્યું : ‘અરે યાર, હું તો જસ્ટ મજાક કરતો હતો.... કોરોનાથી ત્રાસી ગયેલો એટલે થોડી ગમ્મત માટે ને તમે તો...’

‘મેં પણ જસ્ટ મજાક કરી... પણ જરા જોરદાર થઈ ગઈ !’

‘એમાં મારા ચાર દાંત હાથમાં આવી ગયા એનું શું ?’ લાફો ખાનાર ભાઈએ પોતાના પડીને હાથમાં આવી ગયેલા દાંત લાફો પ્રદાન કરનારને બતાવતાં રડસમ અવાજે ફરિયાદ કરી. ક્ષણ - બે ક્ષણ એ કંઈ ન બોલ્યા.. પછી કહે : ‘હવે તમારે ય સારું ! બત્રીસમાંથી ચાર દાંત ઓછા થયા તે તમારે એટલાની સંભાળ લેવી મટી... રોજ એટલી ટૂથપેસ્ટની બચત થશે અને ટૂથબ્રશને એટલો ઘસારો ઓછો પહોંચશે... બોલો, સારું જ કહેવાય ને?’ મજાકની શુભ શરુઆત કરનાર ભાઈ બિચારા શું બોલે !! કોરોના કાળમાં કંટાળેલા જોડે મસ્તી-મજાક કરવામાં ય સંભાળવું એટલું નક્કી...

●●●

એક બહેન એમ.બી.એ . (MBA) એટલે કે ‘મને બધુંઆવડે છે’ વાળાં હતા. હકીકતે દરેક વાતમાં ‘આ તો મને આવડે છે’ ને ‘આ તો મને ખબર જ છે’ કહ્યા કરવાની આવડત એમની. એમનાં લગ્ન થયાં. પતિદેવને બહારગામ બેંકમાં જોબ એટલે સાસરિયાં જોડે રહેવાને બદલે હુતો-હુતીને બીજા શહેરમાં અલગ-સ્વતંત્ર રહેવા મળ્યું. એક દિવસ બેંક જતાં પતિએ કહ્યું, ‘સાંજે મારા ચાર, ફ્રેન્ડઝને ઝમવા બોલાવ્યા છે. તું કઢી-ભાત, ભરેલાં ભીડાં ને પુરણપોળી બનાવજે... મજા આવશે...ફાવશે ને ?’

‘હા... હા... બધું મને આવડે છે...’ આદત સે મજબૂર પત્નીએ કહી દીધું... પણ પછી એ ગભરાઈ મૂંઝાઈ - કેમ કે પુરણપોળી બનાવતાં તો આવડતું નહોતું ! એ પડોશમાં રહેતા વડીલ બહેન પાસે પહોંચી : ‘માસી, આમ તો મને ખબર જ છે ને આવડે જ છે પણ એકવાર તમે પુરણપોળીની રેસીપી કહી દો ને જરા...’

‘ચોક્કસ...’ કહીને માસીએ સ્ટેપ બાય સ્ટેપ સમજાવવા માંડ્યું. આ બહેન દરેક વખતે ‘હા... આ તો મને આવડે જ છે ને આ તો મને ખબર છે’ બોલ્યા કરે... માસીને ચીડ ચઢી કે ‘મેર મુઈ, જો તને બધું જ આવડે છે તો જખ મારવા મને પૂછવા દોડી આવી છે?’ માસી ગુસ્સો દબાવીને મનમાં જ બોલ્યા... પણ પછી કહ્યું : ‘ને છેલ્લે પુરણપોળી થઈ જાય એટલે એને પાણીમાં ડબોળી રાખવી... જમતી વખતે પીરસવા કાઢવી...’

‘હા આ તો મને ખબર છે’ MBA બહેન બોલ્યા ને ગયા... સાંજે જમવા ટાણે ફ્રેન્ડઝ સામે પતિદેવની ને એમનાં આ MBA શ્રીમતીજીની શું દશા થઈ હશે તે સમજી શકાય છે...

‘હું બધું જાણું છું ને મને બધું આવડે છે’ ના મિથ્યાભિમાનમાં રાચ્યા રહેવાથી દેશને કેવું નુકશાન થાય છે એ જગજાહેર છે... દરેકને દરેક વાતની ખબર ન હોય ને દરેક વસ્તુ ન પણ આવડે એમાં શરમાવવાનું ન હોય.... અજ્ઞાની છીએ તે સંતાડવાથી જ્ઞાન મેળવવાથી વંચિત રહી જવાય છે.

●●●

‘યાર, અમારા ઘરની સામે જ ઓક્સિજનના ચાર-પાંચ પ્લાન્ટ હતા...’ ‘હતા એટલે ?’ ‘વિકાસ માટે જગ્યા કરવા સરકારે એ હટાવી દીધા...’ ‘મતલબ ?’ ‘મતલબ એમ કે અમારા ઘરની સામે, સરકારી ઈમારતના કંપાઉન્ડમાં બે પીપળા, બે લીમડા ને એક વડનું એમ પાંચ મોટાં, સરસ ઘટાદાર વૃક્ષો હતા. સરસ ઠંડો પવન, ને શુદ્ધ ઓક્સિજન પૂરો પાડતા હતા... પણ તંત્રએ ત્યાં કંઈક બનાવવા એ પાંચેય વૃક્ષોને કપાવી નંખાવ્યા... જો કે હજી ત્યાં વિકાસનું કોઈ કામ શરૂ થયું નથી ને હાલ તો અમે દૃષ્ટિ સામેની હરિયાણી, ઠંડો વાયરો ને શુદ્ધ હવા ઓક્સિજન ગુમાવ્યા છે...’ ‘વિકાસના નામે આ તો બાવાના બેય બગડ્યા જેવો ઘાટ થયો કહેવાય !!’

●●●

‘કેમ, કહેરમાં છો ને?’ ‘હા સ્તો... આપણે બધા ય લહેરમાં જ છીએ ને... કોરોનાની બીજી લહેરમાં !!’

●●●

‘વાત વાતમાં જાત જાતની ને ભાત ભાતની આગાહીઓ ને ભવિષ્યવાણીઓ કરનારા પેલા બધા જયોતિષાચાર્યો ને ગોલ્ડ મેડાલિસ્ટ, પામીસ્ટો - સૉરી પામીસ્ટો’ - હસ્તરેખાશાસ્ત્રીઓ કયાં જતાં રહ્યા છે? કોઈ કોરોના વિશે કશું કહેતા નથી !

‘કયાંથી કંઈ કહે ? કોઈ એમને કોરોનાની કુંડળી કે એની હસ્તરેખાઓ બતાવે તો એનો ઊંડો અભ્યાસ કરી, ગણતરીઓ માંડી - મૂકીને કંઈક ભવિષ્યકથન કરેને !’

‘હા, હોં... ને કોરોનાની કુંડળી બનાવવા કે એની હાથની રેખાઓ જોવા કોરોના પાસે જવું પડે... પણ હમણાં કડક ‘દો ગજ કી દૂરી’ પાળવાની છે એટલે શું થાય ??